| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૨૬/૦૮/૨૦૧૦ | | |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ : | ૨૬/૦૮/૨૦૧૦ | | |
| ફેંસલ તારીખ : | ૧૧/૦૧/૨૦૨૧ | | |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૧૦ | ૦૪ | ૧૬ |

આંક :૫૮

---

મે. દિયોદરના ૮મા,એડહોક એડિશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
આઠમી એડી.સેશન્સ કોર્ટ, દિયોદર.

સેશન્સ કેસ નંબર–૨૦/૨૦૧૫
જૂનો સેશન્સ કેસ નંબર–૧૦૫/૨૦૧૦.

---

**ફરિયાદી** :– શ્રી સ ર કા ર.

વિરુધ્ધ :–

**આરોપી** :– રમેશભાઈ વરસાજી માજીરાણા,
ઉમર વર્ષ–૨૪,ધંધો–ખેતી,
રહે.ચોટન,જિલ્લો–બાડમેર(રાજસ્થાન)

**ગુનો** :– ઈ.પી.કોડ કલમ–૩૬૬,૩૭૬,૫૦૬(૨) મુજબ.

શ્રી સરકાર તરફે :– વિધ્વાન એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર.

આરોપીપક્ષ તરફે :– વિધ્વાન વકીલશ્રી બી.કે.જોષી.

// **ઠરાવ** //

(૧) સદર આરોપી વિરુધ્ધ ભાભર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર–૬૫/૧૦, તારીખ : ૧૫/૦૫/૨૦૧૦થી નોંધાયેલ ઈ.પી.કોડ કલમ–૩૬૬,૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુનાના કામની ઈન્સાફી કાર્યવાહીનો સામનો નીચેની હકીકતોના આધારે કરી કરેલ છે.

(૨) આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુના સબબ ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીની ભોગ બનનાર દિકરીએ તારીખ :૧૩–૦૫–૨૦૧૦ના રોજ બનેલ બનાવની ફરિયાદ તારીખ:૧૫–૦૫–૨૦૧૦ના રોજ આપતાં તેમાં જણાવેલ છે કે,તેઓ વજેગઢ,તા.દિયોદર ખાતે પોતાના બાળકો સાથે રહે છે અને ખેતી કરે છે.તેઓ ત્રણ ભાઈઓ છે.જેમાં મોટા વર્ધાજી તેનાથી નાનો પ્રતાપજી તથા તેઓ પોતે સૌથી નાના છે. તેઓ બધા ભાઈઓ અલગ અલગ એક જ ખેતરમાં મકાન બનાવી રહે છે. તેઓ તથા વર્ધાજીનું જોડે જોડે મકાન આવેલ છે.તેમને ૬(છ) દિકરીઓ તથા ૧(એક) દિકરો છે.જેમાંથી મોટી સાસરે જાય છે.ભોગ બનનાર,ઉ.વ.૧૮ની છે. તારીખ :–૧૩–૦૫–૨૦૧૦ના રોજ ગુરુવારનાં રોજ તેઓ પોતાના ઘર આગળ વાળુપાણી કરીને સૂઈ રહેલ અને તેમની ભત્રીજી ભોગ બનનાર તથા તેની બહેન નીતા તથા હંસા તેમજ તેમની ભાભી એ રીતના તેમના ઘરના આંગણામાં ખાટલો નાંખી સૂઈ રહેલ હતા અને સવારે વાહેલા તેઓ જાગેલા તે વખતે આશરે છ એક વાગ્યે તેમની ભાભીએ જણાવેલ કે,ભોગ બનનાર ખાટલામાં નથી. તેથી તેઓએ તથા તેમના ઘરના માણસોએ જોયેલ તો ખેતરમાં બે માણસોએ જોયેલ તો ખેતરમાં બે માણસોના ઘર તરફથી ઉપર આવેલ પ્લોટમાં તથા ત્યાંથી લાખણી તરફ પગોના નિશાનો જણાયેલ. જેથી આ અંગે તેમના માજી સરપંચ પ્રતાપજી નાગજી તથા સુજાજી રાણાજી રાજપુત વિગેરેને ફોન કરીને બોલાવી લાવી ભોગ બનનાર ખાટલામાં જણાતી નથી અને તેના પગો જોતાં લાખણી તરફ ગયેલ તો ત્યાં જાણવા મળેલ કે,એક મારવાડી જેવો છોકરો તેને લાખણીથી વાહનમાં બેસાડી લઈ ગયેલની હકીકત જાણવા મળતાં તેમના ખેતરમાં અગાઉ ભાગીયા તરીકે રહેતો રમેશભાઈ વરસાજી માજીરાણા,રહે.સાંબળા,તા.ચોટણ, જિ.બાડમેર(રાજસ્થાન)વાળો ભગાડી ગયેલ હશે,તેવો શક

વહેમ જતાં તેઓ રાજસ્થાનમાં સાંચોર બાડમેર ચોટણ વિગેરે જગ્યાએ તપાસ કરતા હતા.તેવામાં બપોરના આશરે બારેક વાગે તેમની ભત્રીજી ભોગ બનનારને એક માણસ ચોટણની બજારમાં લઈને જતો હતો તેથી તેઓએ આ બંનેને રોકતાં આ તેમની ભત્રીજી તેમને જોઈને એકદમ રડવા લાગેલ અને એકદમ ભયમાં હોઈ તેને શાન્ત કરી પૂછતાં તેણીએ જણાવેલ કે, તેઓ ગઈ કાલ રાતના વાળુપાણી કરીને સૂઈ રહેલ હતી તેવામાં રાતના આશરે અગિયારેક વાગ્યાના સુમારે તેમના ખેતરમાં અગાઉ ભાગીયા તરીકે રહેતા અને હાલ સોબાળા,તા.ચોટણ,જિ.બાડમેર(રાજસ્થાન) વાળો આવી એકદમ જગાડી તેણીના મોંએ હાથ દઈ ખાટલાની બાજુના ખેતરમાં લઈ ગયેલ અને તું કંઈ બોલતી નહિ નહિતર તારા મેં અગાઉ પાડેલ ફોટા તારા બાપાને બતાવી દઈશ,તને બદનામ કરીશ,તેવી વાત કરી તેને ડરાવી ખેતરના પ્લોટમાં લઈ જઈ તેની સાથે તેણીની ઈચ્છા વિરુધ્ધ ખોટું કામ કરેલ અને ત્યાં તેણીને ધમકી આપેલ કે,તેની સાથે ચુપચાપ ચાલ નહિતર તને જાનથી મારી નાંખીશ,તેવો ડર બતાવી લાખણી લાવેલ અને ત્યાંથી થરાદ,સાંચોર,બાડમેર તથા ચોટણ વિગેરે જગ્યાએ લઈ ગયેલ અને ચોટણ બજારમાંથી હું તારા સાથે લગ્ન કરી લઈ તેમ કહી બહાર લઈ જતો હતો,તેવામાં તમો આવી ગયેલો છે અને તેણીને છોડાવેલ છે,તેવી વાત કરેલ ત્યારે છી બંનેને પકડી લાવી તેમને ત્યાં લાવેલ અને આ પ્રશ્ન સામાજિક હોઈ તેમના મા-બાપને બોલાવેલ.પરંતુ આવેલ ના હોઈ અને અને અત્રે ફરિયાદ કરવા રમેશને લઈને આવેલ છે.તો આ તેમની ભત્રીજી ભોગ બનનાર,ઉ.વ.૧૮,રહે.વજેગઢ,તા.દિયોદરવાળીને રમેશભાઈ વરસાજી માજીરાણા,રહે.સાંબળા, તા.ચોટણ,જિ.બાડમેર(રાજ.) વાળો જાર કર્મ કરવાના ઈરાદાથી બળજબરીપૂર્વક ભય આપી ભગાડી જઈ તેના ઉપર તેની ઈચ્છા વિરુધ્ધ બળાત્કાર કરેલ હોઈ તેની સામે ધોરણસર તપાસ થવા ફરિયાદ છે.

(૩) ઉપરોકત મતલબની આ કામનાં ફરિયાદીએ તા.૧૫-૦૫-૨૦૧૦ના રોજની લેખિત ફરિયાદ આપતાં ફરજ પરના પી.એસ.આઈ. સમક્ષ દિયોદર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર-૬૫/૨૦૧૦, ઈ.પી.કો. કલમ- ૩૬૬,૩૭૬,૫૦૬(૨) મુજબનો ગુનો દાખલ કરી સૂચિપત્ર તૈયાર કરી તેની તપાસ તપાસનીશ અધિકારીને સોંપતાં તેમણે ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનાર તથા આરોપીની શરીર સ્થિતિનું પંચનામું કરેલ તથા

તેમણે બનાવ વખતે પહેરેલ કપડાં કબજે કરેલ તથા તેઓનું મેડિકલ ચેકઅપ કરાવેલ,રવાનગી નોંધ તૈયાર કરી મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલાવેલ.તેમણે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધેલા અને તેમણે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા પૂરતો પુરાવો જણાતાં નામદાર જયુ.મેજિ.ફ.ક., સાહેબ,દિયોદરની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.જેને ફોજદારી કેસ નંબર-૧૦૦૮/૨૦૧૦ આપેલ છે.પરંતુ તેઓને ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા ન હોઈ તેમણે સદર કેસ અત્રેની અદાલત સમક્ષ કમીટ કરેલ. ત્યાર બાદ અત્રેની અદાલતમાં સદર કેસને સેશન્સ કેસ નંબર-૧૦૫/૨૦૧૦ તારીખ :-૨૬-૦૮-૨૦૧૦ના રોજ પડેલ છે.જેને નવો સેશન્સ કેસ નંબર-૨૦/૨૦૧૫ પડેલ છે.

(૪) ત્યાર બાદ અત્રેની અદાલતે આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થતાં અદાલતે પાંચ આરોપી સામે આંક-૪થી મારી અગાઉના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તહોમતનામું ફરમાવી આરોપીનો જવાબ આંક-૫થી નોંધવામાં આવ્યો જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરાવા ઉપર મૂકવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**(અ) <u>મૌખિક પુરાવો :-</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૧૧ | સાહેદ-ભોગ બનનારની જુબાની |
| (૨) | ૧૨ | ફરિયાદી-કાંનાજી જુવારાજી પરમારની જુબાની |
| (૩) | ૧૫ | પંચ-સુજાજી રાંણાજી રાજપુતની જુબાની |
| (૪) | ૧૮ | પંચ-રામસીભાઈ મેઘાભાઈ પટેલની જુબાની |
| (૫) | ૨૦ | પંચ-વાઘાભાઈ વાલાભાઈ વાઘેલાની જુબાની |
| (૬) | ૨૧ | પંચ-હીરાજી નાગજીજી રાજપુતની જુબાની |
| (૭) | ૨૨એ | સાહેદ-દરિયાબેન વરધાજી રાજપુતની જુબાની |
| (૮) | ૨૫ | સાહેદ-ડો.હિતેશ ઝિણાભાઈ દરજીની જુબાની |
| (૯) | ૩૨ | સાહેદ-ડો.નેમીચંદ પુખરાજ ડાઘાની જુબાની |

| | | |
|---|---|---|
| (૧૦) | ૪૦ | પંચ–મોતીભાઈ તેજાભાઈ પટેલની જુબાની |
| (૧૧) | ૪૧ | સાહેદ–સુર્યાબેન કાનાજી રાજપુતની જુબાની |
| (૧૨) | ૪૫ | સાહેદ–ત.ક.અ.શ્રી રાજેન્દ્રસીહ હેમંતસીહ વાળાની જુબાની |

**(બ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજી પુરાવાની વિગત** |
|---|---|---|
| (૧) | ૧૩ | અસલ ફરિયાદ |
| (૨) | ૧૬ | ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું |
| (૩) | ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| (૪) | ૨૨ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| (૫) | ૨૩ | ભોગ બનનારનો જન્મનો દાખલો |
| (૬) | ૨૬ | ભોગ બનનારનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૭) | ૨૭ | મેડિકલ ઓફિસરને કરેલ યાદી |
| (૮) | ૨૯ | આરોપીનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૯) | ૩૦ | મેડિકલ ઓફિસરને કરેલ યાદી |
| (૧૦) | ૩૩ | ટ્રાન્સફર ચીઠ્ઠી |
| (૧૧) | ૩૪ | મેડિકલ સર્ટિફિકેટ સિવિલ હોસ્પિટલ પાલનપુરનું |
| (૧૨) | ૪૬ | સૂચિ પત્રક |
| (૧૩) | ૪૭ | ગુનો દાખલ કરવા કરેલ યાદી. |
| (૧૪) | ૪૮ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| (૧૫) | ૪૯ | એફ.એસ.એલ.ની પહોંચ |
| (૧૬) | ૫૦ | મેડિકલ ઓફિસરને કરેલ યાદી |

(૬) આ સિવાય ફરિયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજૂ કરેલ નથી અને વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૫૧ની પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યું જેમાં આરોપીએ તેની સામે નીકળી આવતા સંજોગોનો ઈન્કાર કરી ફરિયાદપક્ષે તેની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.આરોપીએ બચાવનો પુરાવો આપવાનું પસંદ કરેલ નથી.બંને પક્ષના વિ.વકીલશ્રીઓને સાંભળ્યાં.

(૭) પડેલ પુરાવા સંદર્ભે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોરે રજૂઆત કરેલ છે કે,ભોગ બનનારે તેની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીએ ખોટું કામ બળાતકાર કરેલ અને તેણીને ઉપાડીને લઈ ગયેલ છે તેમ ફરિયાદ મુજબ જુબાની આપેલ છે અને આરોપીએ પ્લોટમાં લઈ જઈ બળાતકાર કરેલનું જણાવેલ છે અને ઉલટ તપાસમાં તેનું કોઈ ખંડન કરેલ નથી અને ભોગ બનનારે તેના કપડાં રજૂ કરેલ છે અને બનાવવાળી જગ્યાને સમર્થન કરેલ છે.સાહેદ નંબર–પનાએ ગુનાવાળી જગ્યાએ પગલાં નિશાનો જોયેલ છે અને પંચનામાને સમર્થન કરેલ છે.સાહેદ નંબર–૬ હીરાજીએ આરોપીએ રજૂ કરેલા કપડાંની હકીકતને સમર્થન કરેલ છે. સાહેદ દરીયાબેને બનાવ રાતના બનેલ અને ફરિયાદની હકીકતને સમર્થન કરેલ છે અને ડોકટરની રુબરુમાં હીસ્ટ્રીમાં ભોગ બનનારની જુબાની મુજબની હકીકત જણાવેલ છે અને આરોપી સંભોગ કરવા સક્ષમ હતો.તપાસ કરનાર અમલદારે પૂરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ છે અને તમામ સાહેદોએ સમર્થન કરતી જુબાની આપેલી છે અને ભોગ બનનારે આોપીએ બળાતકાર કરેલનું જણાવેલ હોઈ તે નહિ માનવા માટે કોઈ કારણ નથી.જેથી આરોપીને કાયદામાં જણાવેલ સખ્તમાં સખ્ત સજા કરવા વિનંતી છે.

(૮) બચાવપક્ષે વિ.વ.શ્રી બી.કે.જોષીની દલીલો સાંભળી.તેમણે પોતાની દલીલમાં જણાવેલ છે કે,ભોગ બનનાર રાજપુત છે અને તેઓને ત્યાં આરોપી કામ કરતો હતો.તેને ભોગ બનનર સાથે પ્રેમ સબંધ થઈ ગયેલ અને પહેલો બનાવ કઈ તારીખે કયા દિવસે કેટલા વાગે બનેલ તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી ત્યાર બાદ બંને જણા પ્રેમ સબંધને કારણે નાસી ગયેલા અને ચાલતાં લાખણી ગયેલ છે અને કોઈને કોઈ વાત કરતી નથી સમંતીથી ગયેલ છે અને આરોપી મજુરી કરતો હતો તેની પાસે એન્ડ્રોઈડ ફોન હોઈ શકે નહિ અને તેવો ફોન પણ આ કામે રજૂ થયેલ નથી.ભોગ બનનારને જુબાની આપવા તેના મામાએ કહેલ છે અને ઉલટ તપાસમાં ભોગ બનનારે ફોટો બતાવેલ નથી અને ચાલતા ગયેલ છે.પોલીસ મળેલ તેને કોઈ જાણ કરેલ નથી અને રાજસ્થાન બજારમાં ફરતા હતા અને ધમકી આપેલનું કોઈને જણાવેલ નથી અને ડોકટર રુબરુ દવા સુંઘાડી તેમ જણાવે છે અને સરતપાસમાં મોઢું દબાવ્યાની વિરોધાભાસી હકીકતો ભોગ બનનાર જણાવે છે અને પાછી દિયોદર આવેલ તેવું સરતપાસમાં કહેતા નથી.આમ,આરોપી સાથે ભોગ બનનાર સાથે પ્રેમ સબંધ હોઈ સંમતીથી તેણી આરોપી સાથે ગયેલ છે અને તબીબ સાહેદનો

પુરાવો જોતાં ભોગ બનનાર કે આરોપીના શરીરે કોઈ ઈજાનાં નિશાનો નથી જેથી બળજબરી થયાનું કહી શકાય તેમ નથી અને ભોગ બનનાર પુખ્ત વયના છે તે અંગે તબીબ સાહેદે ભોગ બનનાર ૧૮થી ૨૦ વર્ષની હોવાનું જણાવેલ છે. આમ, ભોગ બનનાર પુખ્ત વયના હતા અને પોતાનું સારુ નરસુ સમજી શકતા હતા.ઉપરોકત તમામ સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરી તેમના સમર્થનમાં તેઓએ ૨૦૨૦(૦)સુપ્રિમ(ગુજ)૧૫૫ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ મનુભાઈ બીછુભાઈ કાઠીનો નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૯) આથી નિર્ણય અને નિકાલ માટે હવે આ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તારીખ: ૧૩-૦૫-૨૦૧૦ના રોજ કલાક-૨૩-૦૦ વાગ્યે મોજે વજેગઢ ગામેથી ફરિયાદી કાંનાજી જવારાજી પરમાર(રાજપુત)ની ભત્રીજી ભોગ બનનારબેનને તેણીની સાથે લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે અગર તેમ થવાનો સંભવ હોવાનું જાણતા હોવા છતાં આરોપીએ તેણીનું અપહરણ કરી તેણીને ભગાડી લઈ જઈ,તેની ઈચ્છા કે મરજી વિરુધ્ધ બળજબરીથી તેણી સાથે બળાત્કાર -શારીરિક સંભોગ કરી,તેણીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને ઈ.પી.કો.કલમ-૩૬૬,૩૭૬,૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું અંતિમ હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણયો નીચે મુજબ છે.

નિર્ણયો :- મુદ્દા નં.(૧) નકારમાં,

.

-''- (૨) આખરી હુકમ મુજબ.

:: કારણો ::

મુદ્દા નંબર–૧,૨ :–

(૧૧) આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ભોગ બનનારને આંક–૧૧થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ વજેગઢ મુકામે રહીને તેમના બાળકો સાથે પોતાના ગામની સીમમાં ખેતર નામે ''સરણીવાળા'' તરીકે ઓળખાતા ખેતરમાં રહે છે અને ઘરકામ તથા ખેતીકામ કરે છે.તેઓ છ ભાઈ બહેનો છે.જેમાં સૌથી મોટી કમળા,કુરીયાબેન જેઓ સાસરે જાય છે. તેનાથી નાના તેઓ પોતે છે. તથા તેમનાથી નાની ગીતાબેન છે. તેઓ બધા તેમના બાપાને ત્યાં રહે છે.તેમનું ખેતર રમેશભાઈ માજીરાણાને ભાગથી વાવેતર કરવા માટે આપેલું.આ રમેશજી તેમના ખેતરમાં રહેતો હતો.તે ખેતરમાં ધાન પાવાનું કામ કરતો હતો.તે વખતે તેણી ખેડા વાળતી હતી, તે વખતે આ રમેશજી તેણીની પાછળ આવેલો અને તેણીને નીચે પાડી દીધેલી અને તેણીની જોડે ખોટું કામ કરેલું, ખોટા કામમાં તેણે તેણીના કપડાં ઉતારી દીધેલા તેમજ તેની પાસે જે ફોન હતો તેમાં તેણીના ફોટા પાડી દીધેલા અને કહેલ કે, તું આ બનાવની વાત કરીશ તો આ ફોટા બતાવી દઈશ અને જાનથી મારી નાંખીશ તેવો ડર બતાવેલો.પછી બીજી રાતના રમેશજી પછી તેમની પાસે આવેલો અને તેણીનું મોઢું દબાવી તેણીને ત્યાં બાજુમાં આવેલ ખેતરમાં લઈને ગયેલો.તેણીની સાથે ખોટું કામ કરેલું અને તે તેણીના ઉપર ચઢી ગયેલો,તેણીના કપડાં ઉતારી દીધેલા.પછી તેણીને તે લાખણી લાવેલો.ત્યાંથી ખટારામાં બેસાડીને થરાદ લાવેલો અને ત્યાંથી તેણીને સાંચોરથી ચોહટણ લાવેલો. ચોહટણથી તેણીને ચાર રસ્તે લઈ ગયેલો.ચોહટણથી પાસા બાડમેર લઈ ગયેલો. તેણીના કાકા ત્યાં જીપ લઈને આવેલા તે વખતે તેમના કાકાએ રમેશજીને જોયેલો.તે વખતે તેણી દોડીને તેણીના કાકા પાસે ગયેલી. પછી તેણીએ તેમના કાકાને બનાવની વાત કરેલી.પછી તેઓને પોલીસ સ્ટેશન લાવેલા.તેણીએ બનાવની ફરિયાદ તેણીના કાકાએ આપેલી.પછી તેણીને દવાખાને લઈ ગયેલા, ડોકટર સાહેબે તેણીને બનાવ સબંધે પુછેલું ત્યારે તેણીએ જણાવેલું કે,પોલીસે તેની પાસેથી

કપડાં માંગેલા.જેમાં તેણીએ પીળી ઓઢણી,સ્કટ ટાઈપનું શર્ટ પીળા કલરનું હતું.એક ઘાઘરી તે પણ પીળા કલરની હતી. તેમાં એક ચડી હતી, તે કાળા કલરની હતી.સદર મુદ્દામાલ કપડાં તેઓ ઓળખી બતાવે છે જે તેણીની પાસેથી પોલીસે કબજે કરેલા.

(૧૨) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,તે વાત ખરી છે કે,હું હાલમાં મારી સાસરીમાંથી આવું છું. સાસરીમાંથી મારા મામા અહિંયાં લાવ્યા છે. તેમનું નામ અણદાજી છે. મારા મામાએ રસ્તામાં કોર્ટમાં જવાનું કહેલું.તેમજ કોર્ટમાં જઈ જુબાની આપવાની છે તેમ કહેલું છે. તે વાત ખરી છે કે,કાનાજીએ જે ફરિયાદ આપેલી તે મુજબ જુબાની આપવાની છે તેમ કહેલું.તે વાત ખરી છે કે,અહિંયા આવ્યા પછી હું વકીલ સાહેબને મળેલી.તે વાત ખરી નથી કે,વકીલ સાહેબે મને જુબાની શીખવાડેલી.આરોપી મારો ભાગીયો હતો.આરોપીએ મારા કાકાની જમીન ભાગે રાખેલી હતી. કાનાજીની જમીનમાં છેલ્લે શેનું વાવેતર હતું તેની મને ખબર નથી.પરંતુ બનાવ વખતે ખેતરમાં રાયડાનું વાવેતર કરેલ હતું. આરોપીએ કાનાજીનું ખેતર આઠ માસ જેટલું ભાગે રાખેલું હતું.આરોપીએ મારા કાકાનું ખેતર ભાગે તે પહેલાં તે કણબીઓનું ખેતર વાવતો હતો. કણબીઓના ખેતરમાં કેટલા વર્ષથી વાવેતર કરે છે તેની મને ખબર નથી.તે વાત ખરી છે કે,મારા કાકા કાનાજીના ખેતરમાં આરોપી રમેશે છ સીજનનું વાવેતર કરેલું છે.તે વાત ખરી છે કે,કાનાજી તેમજ પ્રતાપભાઈનું ખેતર પાસે છે અને ઘરો પણ પાસે પાસે છે.તે વાત ખરી છે કે,આ ત્રણે ખેતરોમાં આવવા જવા માટેનો રસ્તો એક જ છે. મારા કાકા કાનાજીના ખેતરમાં રમેશ ભાગીયો હતો. મારા ખેતરમાં ભાગીયો ન હતો. તે વાત ખરી છે કે,મારા બાપાનું ખેતર રબારી વાવતો હતો.આ ત્રણે ખેતરો વચ્ચે એક જ બોર હતો. આ બોરમાંથી પાણી લેવા માટે વારા કરેલા હતા અને તે મુજબ જેનો વારો હોય તે પાણેત કરે.આરોપીએ જે મોબાઈલમાં ફોટો પાડેલો તે મને બતાવેલો મે તે ફોટો જોયેલો.મને પોલીસે કોઈ મોબાઈલ બતાવેલ નથી કે મે તે જોયેલો નથી.તે વાત ખરી છે કે,કહેવાતા બનાવ વખતે રાત્રે જયારે હું સુતી હતી ત્યારે માર સાથે મારી બા, મારા બહેન,મારા બાપા,મારા કાકાના ઘરવાળા, બધા એક લાઈનમાં આંગણામાં સૂતેલ હતા.વજેગઢથી લાખણી કેટલું દૂર થયા તેની મને ખબર નથી.પરંતુ ૧૦થી ૧૨ ખેતર આડા થાય તેના કી.મી.કેટલા થાય તેની તેમને ખબર નથી.તે વાત ખરી છે કે,મારા ઘરેથી હું અને આરોપી

રમેશ લાખણી સુધી ચાલતા ચાલતા ગયેલા.લાખણી મને કોણ મળેલું તે મને હાલ યાદ નથી.તે વાત ખરી છે કે,લાખણી સુધી ચાલતા જતા હતા ત્યારે આગથળા વાળા પોલીસ વાળા મળેલા હતા.આ પોલીસ વાળાએ મારી સાથે કોઈ વાતચીત કરેલ ન હતી.પરંતુ આરોપી રમેશ સાથે વાતચીત થયેલ હોય તો તેની મને ખબર નથી.તે વાત ખરી નથી કે,આ પોલીસ વાળાએ મને પકડયા ત્યારે મેં પોલીસ વાળાને કહેલું કે,હું આરોપીની પત્ની છું તેથી પોલીસવાળાએ જવા દીધેલા.મે પોલીસવાળાને ભાગીને આવીશું તેમ જણાવ્યું નહિ તેના સવાલના જવાબમાં જણાવે છે કે,મેં પોલીસને ભાળી નથી.લાખણીથી થરાદ જવા માટે અમો ટેમ્પામાં ગયેલા.આ ટેમ્પો જે ચલાવતો હતો તે એકલો જ હતો.તે સિવાય બીજું કોઈ ન હતું,તે વાત ખરી છે કે,ટેમ્પામાં અમો જેતડા ઉતરેલા,તે વાત ખરી છે કે,જેતડા સ્ટેન્ડ ઉપર અમો થરાદ જવા માટે વાહનની રાહ જોવા માટે ઉભા હતા. તે વાત ખરી છે કે,તેવામાં એક પેસેન્જર જીપ આવેલી અને તેમાં બેસીને અમો થરાદ ગયેલા. તે વાત ખરી છે કે, થરાદથી બાડમેર અમો બસમાં ગયેલા.બાડમેરથી ચૌહટણ બસમાં ગયેલા. તે વાત ખરી છે કે,ત્યાં અમો ચોહટનમાં અમો બંને જણા બજારમાં ફરતા હતા.તે વાત ખરી નથી કે,અમો બજારમાં ખરીદી કરેલી. તે વાત ખરી છે કે,બજારમાં માણસો તેમજ દુકાનો પણ હતી.તે વાત ખરી છે કે,હું અને આરોપી બજારમાં ફરતા હતા ત્યારે મારા કાકા ન આવ્યા હોત તો અમો બજારમાં ફરતા હોત. એ વાત ખરી છે કે,આરોપી રમેશ કાનાજીના ખેતરમાં રહેતો હતો તેની પત્ની સાથે છાપરામાં રહેતો હતો.તે વાત ખરી છે કે,મારા કાકા કાનાજીને આરોપી રમેશ સાથે ભાગ બાબતે ઝઘડો થયેલો, તે વાતની મને ખબર નથી કે,તે વખતે આરોપી રમેશ મારા કાકા ઉપર ફરિયાદ કરે તેમ હતો કે કેમ ? તે વાત ખરી છે કે,કાનાજીને આરોપીને ઝગડો થયા પછી કાનાજીએ ફરિયાદ કરેલી અને તેમાં મને સાક્ષી તરીકે રાખેલી.તે વાત ખરી છે કે,હું તેમની ભત્રીજી હોઈ તેમાં હું સાક્ષી તરીકે રહેલી.પોલીસે મારો જવાબ લીધેલો ત્યારે હું એકલી જ હતી.પોલીસે મારો જવાબ થરાદમાં લીધેલો, થરાદમાં પોલીસે જવાબ કયાં લીધેલો તે મને યાદ નથી.પોલીસે જવાબમાં નામ,ઠામ પુછેલું.પછી મને જવાબ દીધેલી.તે વાત ખરી છે કે,પછી ફરિયાદ બાબતે મારા કાકા અને મહેશ મહારાજ કાળજી લેતા હતા.મારે અને રમેશ આરોપીને પ્રેમ ન હતો. પાછળથી પ્રેમ થયેલો.તે વાત ખરી નથી કે,આરોપીએ મને કોઈ ધમકી આપેલ નથી કે મારી સાથે કોઈ બળજબરીથી બળાત્કાર કરેલ નથી કે મને લલચાવી,ફોસલાવીને ભગાડી

ગયેલ નથી.તે વાત ખરી નથી કે,મેં મારા જવાબમાં આરોપીએ મારા કપડાં ઉતાર્યાની હકીકત લખાવેલ નથી.

(૧૩) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ કાંનાજી જુવારાજી પરમારને આંક-૧૨થી તપાસેલ છે.તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,બનાવ વખતે ભોગ બનનાર ૧૮ વર્ષની હતી.તેણી વરઘાજી જોડે રહેતી હતી અને લગ્ન કરેલ ન હતા.બનાવ આશરે સવા વર્ષ પહેલાં બનેલો. બનાવ તા.૧૩-૫-૨૦૧૦ના રોજ બનેલો. બનાવ રાત્રિના સમયે બનેલો.તે વખતે તેઓ પોતાના ઘરમાં સૂતેલ હતા.તે વખતે તેમના બાબલા સુતા હતા.પછી તેમને તેમની ભાભીએ સવારમાં જગાડેલા અને જણાવેલ કે,ભોગ બનનાર ખાટલામાં નથી.પછી તેઓએ આજુબાજુ જોયેલ તો લાખણી બાજુ જવાના માર્ગ પાસે પગના ચિન્હો જણાયેલા.ત્યાર પછી તેમણે તેમના સરપંચ પ્રતાપજી નાગજી તથા સુજાનજી જેને ફોન કરીને બોલાવેલા, પછી અમો બધા પગવાળા નિશાનો જોઈને લાખણી ગયેલા. તેઓ લાખણી પહોંચ્યા ત્યારે જાણવા મળેલ કે,એક મારવાડી જેવી બાઈ લાખણીથી થરાદ બાજુ વાહનમાં બેસીને લઈ ગયેલ છે,તે હકીકત તેમને ગલ્લાવાળાએ કહેલી.ગલ્લાવાળાએ વાત કર્યા પછી આ ઈસમ કોણ હતો તેની મને ખબર પડેલી નહિ.ત્યાંથી અમો સાધનમાં બેસી થરાદ ગયેલા.થરાદ પછી અમો સાંચોર ગયેલા,ત્યાંથી અમો ચૌહટણ ગયેલા.ચૌહટણ બજારમાં તેમણે ભોગ બનનારને જોયેલી.ભોગ બનનારે તેમને જોયા બાદ રડતી રડતી તેમની જોડે આવેલી તે વખતે ભોગ બનનાર જોડે માજીરાણા રમેશજી તેની સાથે હતો.ભોગ બનનારે રડતા રડતાં તેની પાસે આવતાં તેમણે બનાવ સબંધે હકીકત પુછેલી ત્યારે ભોગ બનનારે કહેલું કે,આપણા ખેતરમાં કામ કરતો ભાગીયો રમેશ રાત્રિના તેની પાસે આવીને જગાડેલ.તેના મોઢા ઉપર હાથ મૂકીને ઉપરના પ્લોટમાં લઈ ગયેલો અને મોઢા ઉપર રુમાલ બાંધીને કહેલ કે,તું મારી સાથે ચાલ નહિતર અગાઉ ફોટા પાડેલા છે તે તારા મા-બાપને બતાવીશ અને તને બદનામ કરીશ. પછી રમેશ ભોગ બનનારને લગ્ન કરવાના ઈરાદે ઉપાડી ગયેલો.બનાવ સબંધે તેમણે ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક-૧૩થી રજુ છે.

(૧૪) બચાવપક્ષે તેમની ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,આરોપી રમેશ

અમારો ભાગીયો હોય તેને ઓળખું છું. તે વાતની મને ખબર નથી કે,રમેશ સાબળા ગામ,તા.ચૌહટણ,જિ.બાડમેરનો વતની છે કે કેમ ? તે વાત હું કહી શકું નહિ કે,આરોપી રમેશનું વતન અને કયા તાલુકાનો છે તે હું કહી શકું તેમ છું.તે વાત ખરી છે કે,આરોપી રમેશ રાજસ્થાનનો હતો એટલી મને ખબર છે.તે વાત ખરી છે કે,મારી ફરિયાદમાં આરોપી રમેશે મારી ભત્રીજી ભોગ બનનારને મોઢે રુમાલ બાંધેલો હોય તેવું લખાવેલ નથી.તે વાત પણ ખરી છે કે,મેં મારી ફરિયાદમાં મને બનાવની હકીકતની જાણ ગલ્લાવાળાએ કરેલ તેવું લખાવેલ નથી.તે વાત ખરી છે કે,ભોગ બનનાર ગયા પછી મેં મહેશભાઈ મહારાજ જસરાવાળાને બોલાવેલા. પછી આ મહેશભાઈ અમારી સાથે ઠેઠ સુધી એટલે કે,ચૌહટણ ગામ સુધી આવેલા.તે વાત ખરી છે કે,મહેશભાઈ લાખણીના ગામના આગેવાન ગણાય.તે વાત ખરી છે કે,ત્યાર પછી અમોએ આ મહેશભાઈને આ ભોગ બનનારનો રસ્તો કાઢવા માટે કહેલું.તે વાત ખરી નથી કે,આ વખતે મહેશભાઈએ મને કહેલું કે,તમારી છોકરીનો રસ્તો હું કાઢી આપીશ અને હું કહું તેમ તમારે કરવું પડશે.તે વાત ખરી છે કે,ચૌહટણ ગામે હું ગયેલો નહિ પરંતુ મહેશભાઈ બે સરપંચો તથા ગામના બીજા માણસો ગયેલા.તે વાત ખરી છે કે,મેં ફરિયાદ આપી ત્યારે આરોપી પોલીસ સ્ટેશનમાં હાજર હતો.તે વાત ખરી છે કે,છોકરીને લાવ્યા પછી તેના મોસાળે લઈ ગયેલા અને છોકરાને પોલીસ સ્ટેશનમાં રાખેલો.હવે કહું છું કે,ફરિયાદ પહેલા દાખલ કરેલી.ફરિયાદમાં મારો અંગુઠો લીધેલો.તે વાત ખરી છે કે,ફરિયાદની હકીકત સરપંચ તથા મારા ભાઈએ લખાવેલી. બનાવના એક વર્ષ અગાઉ અમારા ત્યાંથી ભાગ છોડીને જતો રહેલો અને આ સમય દરમિયાન રમેશ કયારે કયારે અમોને મળવા આવતો અમો તેને મળતા ન હતા. તે વાત ખરી છે કે,આ વખતે અમો રમેશ જોડે વ્યવહાર સારો રાખતા હતા.તે વાત ખરી નથી કે,મારે રમેશ જોડે ભાગ બાબતે માથાકુટ થયેલી.તે વાત ખરી નથી કે, રમેશ ઉપાડીને લઈ ગયેલો નથી અને જમના ત્યાં ભાગી ગયેલ હોય તેવું બનેલ નથી.તે વાત ખરી નથી કે,મે લેવડ દેવડની અદાવતમાં ખોટી ફરિયાદ કરેલી. તે વાત ખરી છે કે,બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.

(૧૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે પંચ સાહેદ સુજાજી રાણાજી રાજપુતને આંક-૧૫થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૫-૦૫-૧૦ના રોજ તેમને પોલીસે દિયોદર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ વખતે પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર બેન હાજર

હતા.તેમને ઘાઘરો તથા બુશર્ટ મુદ્દામાલના જે હતા તે કબજે કરેલા. આ મુદ્દામાલનાં કપડાં તેઓએ પોલીસ સ્ટેશનમાં રજૂ કરેલા અને બીજા પહરેલા તે બદલેલાં કપડાં મારી સમક્ષ રજૂ કરેલા.જે કપડાં ભોગ બનનારે રજૂ કરેલા અને તેણીએ કહેલ કે,આ કપડાં મારાં છે જેના પર સફેદ ડાઘા છે તેનું પંચનામું કરેલું.જે પંચનામું પોલીસે તેમને વાંચી સંભળાવેલ અને તેમણે તેમાં સહી કરેલી જે પંચનામું આંક–૧૬થી રજુ છે.તેઓ મુદ્દામાલ આર્ટીકલ નંબર–એ.,બી., અને સી., ઓળખી બતાવી આ તે જ મુદ્દામાલ હોવાનું જણાવે છે.તેમજ તેઓ સદર મુદ્દામાલ આર્ટીકલમાંથી નીકળેલ ત્રણે કાપલીઓમાં તેમની પંચ નં.૧ તરીકેની સહી તેઓ ઓળખી બતાવે છે.બીજા પંચ સીતાબેન ધીરાજી ઠાકોરને ફરિયાદપક્ષે તપાસેલ નથી અને ડ્રોપ કરેલ છે.

(૧૬) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,હું વજેગઢમાં જન્મથી રહું છું.ફરિયાદી પણ જન્મથી વજેગઢમાં રહે છે. એ વાત ખરી છે કે,ફરિયાદી મારા ગામના હોઈ, તે રુએ સારા સબંધો છે.દિયોદર પોલીસ સ્ટેશન અને વજેગઢ વચ્ચે અંતર ૨૨ કી.મી.નું અંતર છે. આ દિવસે મારે દિયોદરમાં કામ હોવાથી અને હું દિયોદર પોલીસ સ્ટેશન આગળથી નીકળેલો હોઈ મને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા.એ વાત ખરી નથી કે,ફરિયાદી મારા ગામનો હોઈ અને ફરિયાદીના કહેવાથી હું ખોટી જુબાની આપું છું.આજે કોર્ટમાં હું છ પંચો અને ફરિયાદી સાથે આવેલ છું. તેમજ વજેગઢના સરપંચ પણ સાથે આવેલા છે. તે વાત ખરી છે કે,પચંનામું પોલીસે તૈયાર કરેલ અને તેમાં મારી સહી કરાવેલ છે.

(૧૭) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ રામસીભાઈ મેઘાભાઈ પટેલને આંક–૧૮થી તપાસેલ છે.તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૬–૫–૧૦ના રોજ પોલીસે તેમને પંચમાં કાનાજીના ખેતરમાં પંચ તરીકે બોલાવેલા.તે વખતે તેમની જોડે પંચમાં વાઘાભાઈ વાલાભાઈ હતા.તેઓ પ્લોટ ઉપર ગયેલા. આ પ્લોટ પર બીજા પંચ અને પોલીસવાળા તથા ફરિયાદી હાજર હતા.આ જગ્યા કાનજીભાઈએ બતાવેલી. ત્યાં આગળ માણસોના પગલાંની નિશાનો હતા તે જગ્યા અમોએ જોયેલી તે સિવાય બીજું કાંઈ જોયેલ નહી. આ અંગેનું પંચનામું તૈયાર કરવામાં આવલું તેમાં તેમણે સહી કરેલી જે પંચનામું આંક–૧૯થી રજૂ છે. આમ, આ સાહેદને ફરિયાદપક્ષે વિમુખ જાહેર કરી તેમની વિધ્વાન એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતાં તેમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે,મને તા.૧૬–૫–૧૦ના રોજ વજેગઢ ગામની સીમમાં

રાજપુત કાનાજી જવારાજીના ખેતર નામે ''સરણીવાળા'' ખેતરમાં બોલાવેલો. એ વાત ખરી છે કે, તે વખતે ભોગ બનનાર તે વરસાજીની દિકરીએ ગુનાવાળી જગ્યા બતાવેલી અને તેની દક્ષિણ બાજુએ બનાવવાળી જગ્યા બતાવેલી.એ વાત ખરી છે કે,તે જગ્યાનું મે પંચનામું તૈયાર કરાવેલું અને તેમાં મેં અંગુઠો કરેલો.તે વાત ખરી છે કે, હું જેમ જેમ બોલતો ગયો તેમ પોલીસ લખતી હતી અને મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલી.

(૧૮) તેમની આરોપી તરફે ઉલટ તપાસ કરતાં તેમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે,હું અને કાનાજી એક જ ગામના છીએ.એ વાત ખરી નથી કે,કાનાજી અમારા ગામના હોઈ તેથી અમે એકબીજાને સુખદુ:ખમાં મદદ કરીએ.તે વાત ખરી નથી કે,બનાવ વખતે પોલીસ ઉભા ઉભા તેમનું કામ કરતી હતી અને ઉભા ઉભા વાતો કરતા હતા.સાહેદ જાતે કહે છે કે, આ પ્રશ્નમાં મને સમજ ના પડતી હોવાથી વાત ખરી નથી,તેમ કહું છું.એ વાત ખરી છે કે,આજે હું ફરિયાદી અને ગામના સરપંચ સાથે આવેલ છું. એ વાત ખરી છે કે,પોલીસે પંચનામું લખી તૈયાર કરેલું અને પછી મે સહી કરેલી.

(૧૯) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ વાઘાભાઈ વાલાભાઈ વાઘેલાને આંક-૨૦થી તપાસેલ છે.આ સાહેદે ગુનાવાળી જગ્યા પોલીસે બતાવેલી તેમ જણાવે છે અને આંક-૧૯ના પંચનામામાં તેમની સહી હોવાનું જણાવે છે. આમ, આ સાહેદે તેમની સરતપાસની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોઈ તેઓને ફરિયાદપક્ષે વિમુખ જાહેર કરી તેમની વિદ્વાન એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતાં આવી ઉલટ તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે,કાનાજી તેમની જ્ઞાતિના છે અને પોતે આગેવાન હોઈ કાનાજીએ તેમને બોલાવેલા.

(૨૦) ત્યાર બાદ ફરિયાદપક્ષે પંચ સાહેદ હીરાજી નાગજીજી રાજપુતને આંક-૨૧થી તપાસેલ છે.સદર સાહેદે પોલીસે કપડાં રજૂ કરેલા અને રમેશના હોવાનું તેઓને જણાવેલ.આમ,સદર સાહેદ આરોપીએ કપડાં રજૂ કર્યા હોય તેવું જણાવતા નથી. તેઓ આંક-૨૨ના પંચનામામાં તથા મુદ્દામાલ સાથે નીકળે પંચોની સહીવાળી કાપલીમાં તેમની સહી હોવાનું જણાવે છે જે પંચોની સહીવાળી કાપલી આંક-૨૩થી રજુ છે.સદર સાહેદને ફરિયાદપક્ષે વિમુખ જાહેર કરી તેમની વિદ્વાન એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતાં તેઓ

જણાવે છે કે, એ વાત ખરી છે કે,પોલીસે મને પંચમાં બોલાવેલ ત્યારે આરોપીએ મારી હાજરીમાં કપડાં રજૂ કરેલા અને તેની હાજરીમાં જ પંચનામું કરેલું.

(૨૧) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે,હું અને કાનાજી એક જ ગામના છીએ અને અમો બંને રાજપુત છીએ.એ વાત ખરી છે કે,આ કામના તમામ પંચો અને ફરિયાદી અને સરપંચ બધાય ભેગા આવેલ છીએ.બધાંએ ભેગા મળી કેમ જુબાની આપવી તેની ચર્ચા કર્યાનો તેઓ ઈન્કાર કરે છે.બીજા પંચ સાહેદ મોતીભાઈ તેજાભાઈ પટેલને આંક–૪૦થી તપાસેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,તેમની હાજરીમાં આરોપીએ કોઈ કપડાં રજુ કરેલ હોય તેવું બનેલ નથી. આંક–૨૨ના પંચનામામાં તેઓ તેમના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ વિધ્વાન એ.પી.પી.શ્રીએ કરતાં તેમણે પંચનામાની હકીકતને સમર્થન કરતી કોઈ ફળદાઈ હકીકત તેમણે જણાવેલ નથી અને બચાવપક્ષે તેમની કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

(૨૨) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ દરીયાબેન વરધાજી રાજપુત આંક–૨૨એથી જુબાનીમાં જણાવે છે કે, બનાવ વખતે તેમના ખેતરમાં શિયાળાની સીઝનમાં ભાગીયા તરીકે રમેશભાઈ માજીરાણા કામ કરતા હતા. એ પાક પૂરો થયા બા તે ભાગ લઈ જતા રહેલા.બનાવ દોઢ વર્ષ પહેલાં બનેલો. આ વખતે તેઓ પોતાના ઘરે હતાં. તેમની જોડે ભોગ બનનાર તેમજ તેમની નાની દિકરી તથા તેઓ ઘરે હતા.બનાવ રાત્રિના બનેલો. તે વખતે તેઓ ખાઈ પીને સૂઈ ગયેલા હતા. તે વખતે તેમની દિકરી ભોગ બનનાર તેમની બાજુના ખાટલામાં સૂતી હતી.ત્યાર પછી તેઓ સવારે ઉઠેલા ત્યારે ભોગ બનનાર ખાટલા ઉપર ન હતી.પછી તેમણે આજુબાજુ જોયેલું અને તેમના દિયર કાનજીભાઈને વાત કરેલી. કાનજીભાઈએ ઉઠીને પગ જોયેલા. આ પગ જોયા બાબતે તેઓએ તપાસ કરેલી. તે પગના આધારે તેમના દિયરે તેમને કહેલું કે,જમના અને રમેશ બે જણા જતા રહેલા છે.બનાવ વખતે બંને જણાઓ લાખણી જઈને ગાડીમાં ચડી ગયેલા અને તેઓ ઘરે આવેલા.પછી ઘરે આવ્યા પછી પુંજાજી,પ્રતાપભાઈ તેઓને પકડવા માટે ગાડી લઈને ગયેલા.પછી તેમની દિકરી મળેલી કયાંથી મળી તે ગામનું નામ તેણી ભૂલી ગયેલ છે. પછી તેમની ભોગ બનનાર દિકરી ઘરે આવેલ ત્યારે તેણીએ પુછતાં ભોગ બનનારે જણાવેલ કે,તેણી ખાટલામાં સૂતી હતી ત્યારે તેણીનું મોઢું દબાવી દેવામાં આવેલું અને ખેતરમાં લઈ ગયેલો

અને ત્યાંથી જતો રહેલો.અને તેણીને પણ એમ કહેવામાં આવેલું કે,તું જો બનાવની વાત જો કોઈને કહીશ તો તને જાનથી મારી નાંખીશું.તેમના ખેતરમાંથી આરોપી બનાવ પહેલા ચાર છ મહીના પહેલાં જતો રહેલો. તેમની દિકરીને ઉપાડી જવાનું કારણ શું તેની તેમને કોઈ પણ માહિતી નથી.પછી તેમના દિયરે પોલીસમાં ફરિયાદ આપેલી.પોલીસે તેમનો જવાબ લીધેલો.તેઓ આરોપીને ઓળખી બતાવે છે

(૨૩) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,તે વાત ખરી છે કે,રમેશ મારા દિયર કાનાજીના ત્યાં ભાગીયો હતો તેથી હું તેને ઓળખું છું.તે વાત ખરી છે કે,પોલી મારી પાસે આવી ત્યારે મારા દિયર,મારી છોડીઓ અને સરપંચ ભેગા હતા.તે વાત ખરી છે કે,સરપંચ અને કોનાજી પોલીસને બધી વાતો કરતા હતા.તે વાત ખરી નથી કે,પોલીસ કાંનાજીના કહેવા મુજબ મારો જવાબ લેતી હતી.તે વાત ખરી છે કે,હું મહેશ મહારાજને ઓળખતી નથી.તે વાત ખરી છે કે,મે બનાવ નજરે જોયેલ નથી.તે વાત ખરી છે કે,આરોપી મારા ખેતરમાંથી બનાવ પહેલા ચાર છ માસ પહેલાં જતા રહયા પછી બનાવ બન્યો ત્યાં સુધી મે તેને જોયેલો નથી,તે વાતની મને ખબર નથી કે,ત્યાર પછી મે તેને કોર્ટમાં જોયેલો છે કે કેમ. તે વાત ખરી છે કે,બનાવના અરસામાં મારા ખેતરમાં રબારી ભાગીયો હતો.તે થડ ગામનો હતો,પરંતુ હું તેનું નામ ભુલી ગયેલી છું.

(૨૪) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ ડો.હિતેશ ઝીણાભાઈ દરજીને આંક–૨૫થી તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તેઓએ ભોગ બનનારની શારીરિક તપાસણી કરેલી. તેણીને તેમણે ઈતિહાસ પૂછતાં જણાવેલ કે,રમેશજી માજીરાણાએ તેમના કાકાના ખેતરમાં ભાગ રાખેલ હતો તેણી તેને ઓળખતી હતી અને મળતી હતી. તેણે તેણીના ખરા ખોટા ફોટા મોબાઈલમાં પાડયા હતા અને તેણીને કહેલ કે તું મળવા આવ.નહીતર તારા ફોટા બધાયને બતાવી દઈશ તેથી તે તેને મળતી હતી.એક દિવસ વજે ગઢમાં તા.૧૩–૫–૧૦ના રાત્રિના અગિયાર વાગે તેણીને દવા સૂંઘાડીને લઈ ગયો હતો અને પછી તેની જોડે પ્લોટમાં સંભોગ કર્યો હતો.તેણીને ખબર ના હતી કે,પછી તેઓ ત્યાંથી ભાડાની ગાડીમાં લાખણી ગયા ત્યાંથી દિયોદર આવી અને ત્યાંથી સાંચોર પછી બપોરે બાડમેર પહોંચી ગયા પણ તેણીના કાકાએ તેને ગોતી કાઢી તેને પકડી પાડયો.તેમણે તેને પૂછતાં તારી જોડે કોઈ બળજબરી કરી હતી

તો તેણીએ જણાવ્યું કે,મને દવાના નશામાં ખબર ના હતી.પણ હું ભાનમાં હતી.રમેશ માજીરાણા સિવાય કોઈના સાથે શરીર સબંધ બાંધેલ ન હતો.છેલ્લે તા.૧૩–૫–૧૧ના રોજ રાત્રિના અગિયાર વાગે એક વખત રમેશજી માજીરાણાની સાથે સંભોગ કર્યો હતો.તેણીની ગરદનની જમણી સાઈડે એક વાગેલાનું નખનું નીશાન હતું. જે રેડીયસ બ્રાઉન કલરનો હતો.વળાંક શેપમાં હતો. તેણે કોઈ જાતનો નશો કરેલ લાગતો ન હતો.તથા કોઈ બટકા ભર્યાના નિશાનો ના હતા.ગુપ્ત ભાગની તપાસ કરતાં તેના ગુપ્ત ભાગ અને સ્તન સારી રીતે વિકાસ પામેલા હતા અને ગુપ્ત ભાગે આછા કાળા વાળ જણાતા હતા.ગુપ્ત ભાગે કોઈ ઈજા જણાતી ન હતી કે કોઈ જાતનો સોજો જણાતો ન હતો.વજાઈનલમાં તપાસ કરતાં બે આંગળીઓ આસાનીથી જતી હતી અને કોઈ દુઃખાવો થતો ન હતો.તથા કોઈ જાતનો ડિસ્ચાર્જ જણાતો ન હતો.તેણીની યોની ઢીલાશ પડતી જણાતી હતી.તેણીના શરીરેથી લોહી,વાળ,નખ,બગલના વાળ,ગુપ્ત ભાગના વાળ,સર્વાકઈલ સ્વાબ અને યોનીનો સ્વાબ લઈને પૈક કરીને પોલીસ કોન્સ્ટેબલ સાથે અમદાવાદ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલા.તેમના અભિપ્રાય મુજબ તાજેતરનો કોઈ સંભોગ થયેલ હોવાનું જણાતુ ન હતું. તથા એક નખનો ઉઝરડો જમણી સાઈડની ગરદન પર હતો.તેમણે ભોગ બનનાર સબંધે મેડિકલ તપાસ કરી તે બદલ આંક–૨૭વાળુ સર્ટિફિકેટ આપેલું તેમજ તેમણે લીધેલ નમૂના એફ.એસ.એલ.ને મોકલવા માટે આંક–૨૮થી યાદી કરેલી.તેમણે આપેલ સર્ટિફિકેટમાં જમણી બાજુએ ગરદનના ઉઝરડામાં બતાવેલ છે જો બળાતકારના કીસ્સામાં ભોગ બનનાર તેનો પ્રતિકાર કરે તો આવી ઈજા થઈ શકે અને સાહેદ જાતે કહે છે કે,સાહેદ જાતે પણ કરી શકે.વધુમાં સદર સાહેદે આ કામના આરોપીની મેડિકલ તપાસ તા.૧૬–૫–૧૦ના રોજ કરેલી.તેના લગ્ન થઈ ગયેલા હતા અને તેને સંતાનમાં એક બાબો પણ હતો.તેમણે ઈતિહાસમાં જણાવેલ કે, તે બાર મહિનાથી ભોગ બનનારને ઓળખતો હતો.તેની જોડે રોજ સંભોગ તેની મરજીથી કરતો હતો.પણ તા.૧૩–૫–૧૦ના રોજ તેને ફોન કરેલો કે તેને અહીથી લઈ જાઓ મારા લગ્ન છે એટલે તેઓ રાત્રે અગિયાર વાગ્યે લઈ તેને પ્લોટમાં ગયો તેની જોડે સંભોગ કરી તેઓ ભાડાની ગાડીમાં લાખણી ગયા ત્યાંથી થરાદ અને બાડમેર ગયા અને ત્યાં તેઓ પકડાઈ ગયા. તેણે કોઈ બળજબરી કરેલ નહિ.તેણે તા.૧૩–૫–૧૦ના રોજ ભોગ બનનાર સાથે રાત્રે અગિયાર વાગે એક વખત સંભોગ કરેલો હતો.તેના શરીર ઉપર કોઈ ઈજાના નિશાનો ન હતા.તેના શરીરેથી

તપાસ અર્થે લોહી,બગલન વાળ અને ગુપ્ત ભાગના વાળ,નખ,લાળ અને વીર્યના નમૂના લઈ એફ.એસ.એલ. અમદાવાદ તરફ મોકલી આપેલી. તેમણે આંક-૨૯ વાળુ આરોપી સબંધે કરેલ મેડિકલ તપાસણી અંગેનું સર્ટીફિકેટ આપેલું.તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,ભોગ બનનાર વારંવાર સંભોગ કરવા ટેવાયેલી હતી.અન્ય સવાલના જવાબ તેમણે નકારમાં આપેલ છે.

(૨૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ ડો.નેમીચંદ પુખરાજ ડાઘાને આંક-૩૨થી તપાસેલ છે.તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તેમણે તપાસેલ છે અને તેની પુછપરછ કરતાં તેણે સ્નાન કરેલ હતું અને કપડાં બદલેલ હતાં.તેણીનાં બાહય ગુપ્ત ભાગ વિકસીત હતા અને એક્ષરે લેતાં બધા અવયવો વિકસીત થયેલા હતા અને શારીરિક દાંતોની તપાસ રેડીયોલોજીની કરતાં ભોગ બનનારની ઉંમર તેમના અભિપ્રાય મુજબ ૧૮થી વર્ષની જણાયેલ છે. તે અંગેનો તેમણે સર્ટીફિકેટ આપેલ છે જે આંક-૩૪થી રજુ છે.તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ કબૂલ કરેલ છે કે,ભોગ બનનારની ઉંમર ૧૮થી ૨૦વર્ષની એટલે કે પુખ્ત વયની છે.

(૨૬) ત્યાર બાદ ફરિયાદપક્ષે સાહેદ સૂર્યાબેન કાનાજી રાજપુતને આંક-૪૧થી તપાસેલ છે.તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તેઓ ખેતી કામનો ધંધો કરે છે.તેમના ઘરની બાજુમાં તેમના જેઠ વર્ધાજીનું ઘર આવેલું છે. બનાવ આશરે પાંચેક વર્ષ પહેલા બનેલો.બનાવ વખતે તેઓ પોતાનાં ઘેર હતાં અને તેમના જેઠાણી દરીયાબેને તેમને વાત કરેલ કે,ભોગ બનનારને માજીરાણા ભગાડી લઈ ગયેલ છે.પોલીસે તેમનો જવાબ લીધેલો.આરોપીને તેઓ ઓળખી બતાવે છે.આમ,તેઓને બનાવની વાત તેમની જેઠાણીએ કરેલી છે.

(૨૭) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે,બનાવ વિશે મારી જેઠાણીએ વાત કરેલી.એ વાત ખરી છે કે,તે સિવાય બીજી કોઈ માહિતી નથી.એ વાત ખરી છે કે, કયાં લઈ ગયો તેની તેમને ખબર નથી.એ વાત ખરી છે કે,કાનાભાઈએ જવાબ લખાવવાનું કહેતાં જવાબ લખાવેલો.

(૨૮) ત્યાર બાદ ફરિયાદપક્ષે તપાસ કરનાર અમલદાર સાહેદ રાજેન્દ્રસીંહ હેમંતસીહ વાળાને આંક-૪૫થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,સને ૨૦૧૦ની સાલમાં

તેઓ દિયોદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન તા.૧૫/૦૫/૧૦ના રોજની કાનાજી જવરાજી પરમાર, રહે.વજેગઢવાળાની તેઓ રુબરુમાં ફરિયાદ આવતા ફરિયાદીના લખાવ્યા મુજબની મે ફરીયાદ લખેલી, વાંચી સંભળાવેલી અને રુબરુમાં તેમણે ફરિયાદીનો અંગુઠો લીધેલો અને રુબરુમાં તેમણે સહી કરેલી તે ફરિયાદ આંક : ૧૩ થી રજુ છે. તે ફરિયાદને દિયોદર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૬૫/૧૦, ઈ.પી.કો કલમ ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨) મુજબનો ગુનો રજીસ્ટરે લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરી જેની તપાસ મને સોંપવામાં આવેલી. તપાસના કામે આંક : ૨૭ થી તેમણે ભોગબનનારની મેડીકલ યાદી તૈયાર કરેલી જેમાં તેમની સહી છે. તપાસના કામે આંક : ૨૩ થી ભોગબનનારનો જન્મનો દાખલો રજુ છે. જેમાં આનંદનગર પ્રાથમિક શાળાના આચાર્યની સહી છે. તપાસના કામે આંક : ૧૬ થી તેમણે બે પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું ભોગબનનારનું શરીર સ્થિતીનું પંચનામું કરેલુ અને ભોગબનનાર બાઈએ પંચો રુબરુ બનાવ વખતે તેણીએ કપડાં રજુ કરતા તે કપડાં તપાસના કામે કબજે લીધેલા અને સીલ કરેલા. જેમાં પંચોની તથા તેમની સહી છે. તપાસના કામે આંક : ૧૯ થી તેમણે બે પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ  કરેલું. જેમાં પંચોની તથા તેમની સહી છે. તપાસના કામે આંક : ૩૦ થી આરોપીનું મેડીકલ પરીક્ષણ કરવા અંગેની યાદી રજુ છે. જેમાં તેમની સહી છે. તપાસના કામે આંક : ૧૨ થી તેમણે બે પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું આરોપીનું શરીર સ્થિતીનું પંચનામું કરેલું તેમજ બનાવ વખતે આરોપીએ કપડાં રજુ કરેલા હોય તે કપડા તપાસના કામે કબજે લઈ સીલ કરેલા જેમાં પંચોની તથા તેમની સહી છે. તપાસના કામે આંક : ૨૬ થી ભોગબનનારનું મેડીકલ સર્ટિફિકેટ  રજુ છે. તપાસના કામે આંક : ૨૯થી આરોપીનું મેડીકો સર્ટિફિકેટ રજુ છે. તપાસના કામે આંક : ૩૪ થી ભોગબનનાર બાઈનું રેડીયોલોજીસ્ટ સર્ટિફિકેટ રજુ છે. આ કામે આંક–૪૬  જે આ ગુનાનું સુચીપત્ર છે. જે પી.એસ.ઓ મફતલાલે તૈયાર કરેલું છે. જેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે આંક–૪૭ જે આ ગુનાની ફરિયાદ રજીસ્ટરે લેવા અંગેનો પી.એસ.ઓ.ને કરેલ રીપોર્ટ  છે. જેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે.આ કામે આંક–૪૮ જે આ ગુનામાં કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ. રવાનગી નોંધ છે. જેમાં તેમની સહી છે.   જે  તેઓ ઓળખી બતાવે છે.આ કામે આંક–૪૯ જે એફ.એસ.એલ. મુદામાલ

મળ્યા અંગેની પાવતી છે. આ કામે આંક–૫૦ જે ભોગ બનનાર બાઈનું મેડીકલની વધુ તપાસ કરવા અંગેનો તેમણે પાલનપુર સીવીલ હોસ્પિટલને કરેલ યાદી છે. જેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે.તેમણે સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લીધેલા આરોપી સામે પુરતો પુરાવો હોય આ ગુનાનું ચાર્જશીટ તેમણે કરેલું.મુદામાલ કોર્ટમાં રજુ છે તે જ છે. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે.

(૨૯) તેમની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી નથી કે, મે ફરિયાદને અનુરુપ સાહેદોના નીવેદન તેમજ પંચનામા પો.સ્ટે.માં બેઠાબેઠા લખી લીધેલા છે અને પાછળથી તૈયાર પંચનામામાં જાણીતા પંચોની સહીઓ કરાવી લીધેલ છે. એ વાત ખરી છે કે, ભોગબનનાર પુખ્ત વયની હતી. એ વાત ખરી નથી કે, તેણીને હાલના આરોપી સાથે પ્રેમ સબંધ હતો જેથી તેણી પોતાની સ્વૈચ્છાએ મરજીથી આરોપી સાથે સબંધ રાખતી હતી. એ વાત ખરી નથી કે, ભોગબનનારનું નિવેદન મે તેણીના લખાવ્યા મુજબનું લખેલું નથી. એ વાત ખરી નથી કે, ભોગબનનાર ફરિયાદ પક્ષને સપોર્ટ કરતા ન હોય મે તેણીનું સી.આર.પી.સી.નુ ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવેલ નથી. એ વાત ખરી નથી કે, મે કાયદાનુસારની તટસ્થ કોઈ તપાસ કરેલ નથી તેમજ કાયદામાં જરુરી છે તેવી કોઈ કાર્યવાહી કરેલ નથી ઉપરાંત કોઈ પણ પ્રકારે આરોપી સામે ગુનો બનતો ન હોવા છતાં મે ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલું છે અને સોગંદપર ખોટી જુબાની આપું છું.

(૩૦) ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષે આંક–જથી તહોમતનામું ફરમાવેલ છે તે મુજબ આ કામના આરોપીએ તારીખ: ૧૩–૦૫–૨૦૧૦ના રોજ કલાક–૨૩–૦૦ વાગ્યે મોજે વજેગઢ ગામેથી ફરિયાદી કાંનાજી જવારાજી પરમાર(રાજપુત)ની ભત્રીજી ભોગ બનનારને તેણીની સાથે લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે અગર તેમ થવાનો સંભવ હોવાનું જાણતા હોવા છતાં આરોપીએ તેણીનું અપહરણ કરી તેણીને ભગાડી લઈ જઈ,તેની ઈચ્છા કે મરજી વિરુઘ્ધ બળજબરીથી તેણી સાથે બળાતકાર –શારીરિક સંભોગ કરી,તેણીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને ઈ.પી.કો.કલમ–૩૬૬,૩૭૬,૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ

(૩૧) આ માટે સૌ પ્રથમ ભોગ બનનાર ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો ભોગ બનનારે તેમની ફરિયાદમાં અને તેમની જુબાનીમાં આરોપીએ તેની પાસે જે ફોન હતો તેમાં ભોગ બનનારનાં ફોટા લીધેલા પછી ફોટા બતાવવાની ધમકી આપી તેણીને ડર બતાવીને રમેશજીએ તેનું મોઢું દબાવી ત્યાં બાજુમાં આવેલ ખેતરમાં લઈ જઈ તેણીના કપડાં ઉતારી તેમની ઉપર ચઢી ગયેલા અને પછી તેણે લાખણી લાવેલ અને લાખણીથી ખટારામાં બેસાડીને થરાદ લાવેલ અને સાંચોર ગયેલા અને ચોહટણથી બાડમેર ગયેલા.ત્યારે તેણીના કાકા ત્યાં જીપ લઈને આવતાં તેઓને પકડેલા.આમ, ફરિયાદીએ આરોપીએ તેના ફોટા પાડેલ જેના કારણે તેણી ધમકીવશ થઈને આરોપી સાથે ગયેલાનું જણાવે છે.પરંતુ તેમનો ઉલટ તપાસનો પુરાવો જોતાં તેણી ઉલટ તપાસમાં એવું સ્વીકારે છે કે,એ વાત ખરી છે કે,હું અને આરોપી રમેશ લાખણી સુધી ચાલતા ગયેલા ત્યારે આગથળા પોલીસવાળા મળેલા હતા.આ પોલીસવાળા જોડે મારી સાથે કોઈ વાતચીત કરેલ ન હતી.તેણી એવું પણ જણાવે છે કે,તેણીએ પોલીસને ભાળી નથી.આમ, આ ભોગ બનનારનો ઉલટ તપાસનો પુરાવો જોતાં એકવાર તેણી એવું જણાવે છે કે, આગથળા પોલીસવાળા મળેલા અને બીજી વાર તેઓ પોલીસને ભાળી નથી તેમ વિરોધાભાસી વિગતો જણાવતા હોઈ આ ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય કહી શકાય તેવો જણાતો નથી.વધુમાં તેણી એવો પણ પુરાવો ઉલટ તપાસમાં આપે છે કે,તેણીને આરોપી સાથે પ્રેમ સબંધ ન હતો પરંતુ પાછળથી થયેલો.આમ, આ ભોગ બનનાર તેણીને આરોપી સાથે પ્રેમ સબંધ હોવાનું ગર્ભિત રીતે સ્વીકારે છે.વધુમાં તપાસ કરનારે આરોપી પાસે મોબાઈલ હોય અને તેમાં કોઈ ફાટા ભોગ બનનારનાં આરોપીએ પાડેલ હોય તેનો કોઈ પુરાવો તપાસ કરનાર અમલદારે તેમની જુબાનીમાં રજૂ કરેલ નથી કે તેવો કોઈ મોબાઈલ પણ આ કામે કબજે લીધેલ નથી. તેમજ આ કામે તબીબ સાહેદ ડો.હીતેશ ઝીણાભાઈ દરજીનો આંક-૨૫નો પુરાવો જોતાં તેણી સદર તબીબ સમક્ષ આરોપીએ તેણીને અગિયાર વાગે દવા સુંઘાડીને લઈ ગયેલ હોવાની હીસ્ટ્રી આપેલ છે જ્યારે તેણી પોતાની ઉલટ તપાસમાં તેણી લાખણી સુધી આરોપી સાથે ચાલતા ગયાનું જણાવે છે તેમજ ભોગ બનનાર તેમની સરતપાસમાં રમેશ તેણીને મોઢું દબાવીને બાજુના ખેતરમાં લઈ ગયેલનું જણાવે છે આમ, આ ભોગ બનનાર તેમની સરતપાસ અને ઉલટ તપાસ અને તેમણે તબીબ સમક્ષ આપેલ હીસ્ટ્રી જોતાં

તેમણે ફરિયાદમાં તથા સોગંદ ઉપરના પુરાવામાં સરતપાસમાં અને ઉલટ તપાસમાં તેમજ તબીબ સમક્ષની હીસ્ટ્રી વખતે અલગ અલગ વિરોધાભાસી વિગતો જણાવેલ હોઈ ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય કહી શકાય તેવો જણાતો નથી અને ભોગ બનનાર તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે,તેણીને આરોપી સાથે પાછળથી પ્રેમ થઈ ગયેલો તે જોતાં ભોગ બનનાર આરોપી સાથે થયેલ પ્રેમના કારણે ગયેલ હોવાનું માનવાને કારણ રહે છે.કેમ કે,ભોગ બનનાર ઉલટ તપાસમાં એવુ પણ સ્વીકારે છે કે,જો તેના કાકા ન આવ્યા હોત તો તેણી આરોપી સાથે બજારમાં ફરતાં હોત.વધુમાં આ કામે તબીબ સાહેદનો પુરાવો જોતાં આ કામે ભોગ બનનાર કે આરોપીના શરીરે કોઈ ઈજાનાં નિશાનો ન હતા. તેમજ તેણીને ગળાના ભાગે એક નખ વાગ્યાનું નિશાન હતું તે તેણી જાતે પણ કરી શકે અને બળાત્કાર વખતે પ્રતિકાર થયેલ હોય તો પણ થઈ શકે,તેમ સદર તબીબ સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે.તેમજ આ કામે જો પ્રતિકાર થયેલ હોત તો ભોગ બનનાર કે આરોપીના ગુપ્ત ભાગે ઈજાના નિશાનો સંભવી શકે છે. પરંતુ આવી કોઈ ઈજા ગુપ્ત ભાગે હતી નહિ,તેમ તબીબ સાહેદ જણાવતા હોઈ આ કામે ભોગ બનનાર સાથે આરોપીએ કોઈ બળજબરી કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.આ કામે ભોગ બનનારે આરોપી સામે તેની ઉપર બળાત્કાર કરેલનું જણાવેલ છે અને જો ભોગ બનનાર તેમના પુરાવામાં જણાવતી હોય કે આરોપીએ તેની સાથે બળાત્કાર કરેલ તો તે માનવું જોઈએ તેવો કાનૂની મત છે. પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર ગર્ભિત રીતે પોતાને આરોપી સાથે પ્રેમ સબંધ હોવાનું સોગંદ ઉપર ઉલટ તપાસમાં કબૂલ રાખે છે અને તેમણે તબીબ સમક્ષ આપેલ હીસ્ટ્રી અને તેમની ઉલટ તપાસના પુરાવામાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબનો વિરોધાભાસ આવેલ છે તેમજ તબીબ સાહેદના પુરાવામાં પણ તેઓને શરીરના ગુપ્ત ભાગે ઈજાના કોઈ નિશાન ન હતા અને ગળામાં એક માત્ર નખ વાગવાના નિશાન સિવાય શરીરે કોઈ બટકા ભરવાના નિશાન ન હતા કે અન્ય કોઈ ઈજા હતી નહિ.જેથી આરોપીએ ભોગ બનનાર સાથે કોઈ બળજબરી કરેલ હોવાનું સદર તબીબ સાહેદનો પુરાવો જોતાં કહી શકાય તેમ નથી. તેમજ ભોગ બનનાર જણાવે છે કે,ફોટા પાડેલ તે બતાવી દેવાની ધમકી આપેલી જેના કારણે તેને આરોપી સાથે જવું પડેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારે આરોપી પાસેથી આવો કોઈ ફોન કે ફોટા કબજે કરેલ નથી કે ભોગ બનનાર કે તપાસ

કરનાર અમલદાર કે ફરિયાદીની કે કોઈ સાહેદની જુબાનીમાં આવા ફોટા કે મોબાઈલ કે આરોપી સાથેની કોઈ ધમકીભરી વાતચીતના કોલ્સ ડીટેલ્સ પણ આ કામે રજૂ કરેલા નથી અને ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય જણાયેલ નથી આ સંજોગોમાં આરોપીએ મોબાઈલમાં ફોટા પાડી ધમકી આપેલ હોવાનું કે કોઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલનું પણ ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આ કામે ફરિયાદીએ ભોગ બનનારને આરોપી લઈ ગયેલા અને તેઓએ ચૌહટણ ખાતે ભોગ બનનાર તથા આરોપીને જોતાં ભોગ બનનાર રડતાં રડતાં તેમની પાસે આવેલ અને ફરિયાદ મુજબની હકીકત જણાવેલ હોવાનું તેઓ જણાવે છે.પરંતુ આ ફરિયાદી તેમની ઉલટ તપાસમાં એવું જણાવે છે કે,તેઓ ચૌહટણ ગામે ગયેલા નહિ પરંતુ મહેશભાઈ,બે સરપંચો તથા ગામના બીજા માણસો ગયેલા અને તેઓને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી. આમ, આ ફરિયાદીની સરતપાસ અને ઉલટ તપાસમાં તેઓ ભોગ બનનાર પાસે બનાવ વખતે ગયા નથી તેમ તેઓ સ્વીકારે છે જયારે તેઓ સરતપાસમાં પોતે ચૌહટન ગયા અને ભોગ બનનાર તથા આરોપીને જોયાનું તેઓ જણાવે છે જે વિરોધાભાસી હકીકતો છે.આ ફરિયાદી ફરિયાદની હકીકત સરપંચ અને તેના ભાઈએ લખાવેલ હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારે છે જેથી ફરિયાદીની જુબાની જોતાં ફરિયાદના તત્વો ફલિત થતા નથી. આ કામે ભોગ બનનાર તેમના પુરાવામાં આરોપી સાથે તેના કાકા ફરિયાદીને અગાઉ ઝઘડો થયેલનું પણ સ્વીકારે છે આ તમામ સંજોગોમાં આ ફરિયાદીનો પુરાવો પણ શંકાના એરણે ચડે છે.વધુમાં, આ કામે ભોગ બનનાર ૧૮થી ૨૦ વર્ષની હોવાનું તબીબ સાહેદ જણાવે છે.વધુમાં, ફરિયાદપક્ષે આનંદનગર પ્રાથમિક શાળાના આચાર્યએ આપેલો ભોગ બનનારની જન્મ તારીખનો દાખલો રજૂ થયેલ છે તેને બચાવપક્ષની સંમતીથી આંકે પડેલ છે તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૦૩–૦૭–૯૧ લખેલ છે અને બનાવ તારીખ :૧૩–૦૫–૨૦૧૦ના રોજ બનેલ છે તે જોતાં ભોગ બનનાર બનાવ સમયે પુખ્ત વયનાં હતાં.આમ, ભોગ બનનાર બનાવ સમયે પુખ્ત વયના હતા. તેઓ આરોપી સાથે પ્રેમમાં હતા અને પોતાનું સારુ ખોટું સમજી શકે તેમ હતા તેઓને રસ્તામાં પોલીસ મળેલી છે તે વખતે તેઓ પોતાનો બચાવ કરાવી શકે તેમ હતા પણ આવો બચાવ તેમણે કરેલ નથી.વધુમાં, ફરિયાદપક્ષે તપાસેલ પંચ સાહેદ સુજાજીએ ભોગ બનનારનાં કપડાં ભોગ બનનારે રજૂ કરેલની હકીકત પંચનામા મુજબ જણાવી પંચનામાને સમર્થન કરેલ છે.તેમજ

પંચ સાહેદ રામશીભાઈએ ગુનાવાળી જગ્યા ભોગ બનનારે બતાવેલને સમર્થન કરેલ છે.તેમજ પંચ સાહેદ હીરાજીએ આરોપીએ તેમના કપડાં રજૂ કરેલને સમર્થન કરેલ છે.પરંતુ કપડાં સબંધી એફ.એસ.એલ. રિપોર્ટ રજૂ થયેલ નથી અને આ કામે તપાસ કરનાર અમલદારે તેમણે કરેલ તપાસને અનુરુપ પુરાવો આપેલ છે અને તેમણે તેમની તપાસ દરમિયાન સદર પંચનામા કરેલનું જણાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનારને આરોપી બળજબરીપૂર્વક લઈ ગયેલનું પુરવાર થયેલ નથી તેથી અન્ય સાહેદના પુરાવાનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી. વધુમાં, આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ તેમની રજૂઆતના સમર્થનમાં **૨૦૨૦(૦)સુપ્રિમ (ગુજરાત),૧૫૫ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ મનુભાઈ બિચ્છુભાઈ કાઠી** જે ચુકાદો જોઈએ તો તેમાં ભોગ બનનારે આપેલ સ્ટેટમેન્ટ મુજબ તેણીની સંમતી હતી અને ઈચ્છાથી સાથે ગયેલ હતી અને હાલના કેસમાં પણ ભોગ બનનારનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં તેણીને આરોપી સાથે પ્રેમ સબંધ હતો અને તેણી પોતાની ઈચ્છાથી આરોપી સાથે ગયેલ હોય હોવાનું જણાય છે જેથી સદર ચુકાદો બચાવપક્ષને મદદરુપ બને છે.આમ,બંને પક્ષની રજુઆત તથ પડેલ પુરાવો અને ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અને આરોપીપક્ષે રજૂ થયેલ સદર ચુકાદાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક સંભોગ કરેલ હોય કે ફોટા બતાવાની ધમકી આપી તેણીની ઈચ્છા કે મરજી વિરુધ્ધ તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ હોવાનું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ આ કામના આરોપીને તેની સામેના ઈ.પી.કો.કલમ–૩૬૬,૩૭૬,૫૦૬(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહિ.આમ, ફરિયાદપક્ષ તેના મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપી સામેનો કેસ મુદ્દા નંબર–૧ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ તેનો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.:–

:: હુકમ :

આ કામનાં આરોપી રમેશજી વરસાજી માજીરાણાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ– ૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ –ઈ.પી.કો.કલમ–૩૬૬,૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ – ૪૩૭(એ) અન્વયે આરોપીએ રુા.૧૫,૦૦૦/– (અંકે રુપિયા પંદર હજાર પૂરા)નાં જાત જામીન તથા તેટલી જ રકમનાં સધ્ધર જામીન રજૂ કરવા.

અપીલ સમય વીત્યા બાદ બીન કિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

આજરોજ તારીખ ૧૧મી,માહે–જાન્યુઆરી, સને–૨૦૨૧નાં રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી જાહેર કર્યો.

તારીખ :૧૧/૦૧/૨૦૨૧.
દિયોદર.

(કિશોરકુમાર શંભુભાઈ હિરપરા)
૮મા, એડહોક એડી. સેશન્સ જજ
બનાસકાંઠા, દિયોદર.
કોડ નંબર–જીજે૦૦૫૦૪.